# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/48 Dt. 01/08/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# 'Google અને AIના યુગમાં ગુરુનું મહત્વ' વિષય પર ચેમ્બર દ્વારા વિશેષ સેમિનાર યોજાયો

## ગૂગલ માત્ર માહિતી અને AI બુદ્ધિમત્તા આપે છે, પરંતુ સાચું જ્ઞાન અને જીવનની સાચી દિશા માત્ર ગુરુ જ આપી શકે: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

## ટેકનોલોજી લાગણીવિહીન છે, જ્યારે ગુરુ લાગણીશીલ બનીને શિષ્યને આંતરિક શાંતિ આપે છે: પૂજ્ય અચલજીવન સ્વામી

## જીવનના સર્વાંગી વિકાસ માટે પૂજ્ય સ્વામીજીએ દર્શાવી 'LPG' ફોર્મ્યુલા: L-Listening (સાંભળવું), P-Planting (ઘડતર), G-Giving (સમર્પણ)

## ગૂગલ આત્મહત્યાના 10 રસ્તા બતાવશે, પરંતુ ગુરુ પાસે જશો તો તે કારણ પૂછીને જીવન જીવવાનો નવો માર્ગ બતાવશે

સુરત, 01 ઑગસ્ટ 2026: ગુરુપૂર્ણિમાના પવિત્ર અવસર નિમિત્તે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા ગુરુવાર, તા. 30 જુલાઈ 2026ના રોજ સવારે 10:00 કલાકે સરસાણા સ્થિત ઉષાકાંત મારફતિયા હોલ ખાતે 'Google અને AIના યુગમાં ગુરુનું મહત્વ' વિષય પર એક પ્રેરણાદાયી સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં વેડરોડ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલના શાસ્ત્રી પૂજ્ય શ્રી અચલજીવન સ્વામીએ મુખ્ય

વક્તા તરીકે ઉપસ્થિત રહીને મોટી સંખ્યામાં હાજર રહેલા વિદ્યાર્થીઓ અને યુવાનોને ડિજિટલ યુગમાં ગુરુના મૂલ્ય વિશે માર્ગદર્શન આપ્યું હતું.

## સાચું જ્ઞાન અને વિવેક ગુરુથી જ શક્ય: અશોક જીરાવાલા

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, "આજના આધુનિક યુગમાં ગૂગલ ડેટા-માહિતી પૂરી પાડે છે અને AI બુદ્ધિમત્તા આપે છે, પરંતુ જીવનમાં સાચું જ્ઞાન, સંસ્કાર, વિવેક અને યોગ્ય દિશા માત્ર ગુરુ જ આપી શકે છે. ગુરુ-શિષ્યની મહાન પરંપરા ભારતીય સંસ્કૃતિનું હૃદય છે." તેમણે ગુરુ દ્રોણાચાર્ય અને ગુરુ વિશ્વામિત્રના દ્રષ્ટાંતો આપી વિદ્યાર્થીઓને ગુરુમુખી બનવાનો સંદેશ આપ્યો હતો.

## વ્યક્તિના ઘડતર માટે 'LPG' ફોર્મ્યુલા

પૂજ્ય શ્રી અચલજીવન સ્વામીજીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, ભૌતિક જીવનમાં જેટલું 'LPG' જરૂરી છે, તેટલો જ માનવ જીવનના સર્વાંગી વિકાસ માટે આ ફોર્મ્યુલા મહત્વની છે:

**L - Listening (સાંભળવું):** ગૂગલ કે AI આપણો કમાન્ડ સાંભળે છે પણ મનની સ્થિતિ સમજી શકતા નથી. સાચા ગુરુ આપણને સાંભળે છે, સમજે છે અને આપણી લાગણીઓને સંભાળે છે. તેમણે અમેરિકાના પોલીસ ઓફિસર કેવિન બ્રિગ્સનું ઉદાહરણ આપી માત્ર સાંભળવાની કળાથી લોકોના જીવ બચાવવાની વાત કરી હતી.

**P - Planting (ઘડતર):** ટેકનોલોજી પ્લાનિંગ આપી શકે, પણ સાચું 'પ્લાન્ટિંગ' એટલે કે ઉચ્ચ સંસ્કારોનું ઘડતર માત્ર ગુરુ કરી શકે છે. તેમણે ડો. એ.પી.જે. અબ્દુલ કલામના બાળપણના કિસ્સા દ્વારા સંસ્કાર ઘડતરનું મહત્વ સમજાવ્યું હતું.

**G - Giving (સમર્પણ):** AI સર્વિસ આપે છે, પરંતુ ગુરુ શિષ્યના કલ્યાણ માટે 'સેક્રિફાઇસ' (સમર્પણ) કરે છે. તેમણે જાપાનમાં એક વિદ્યાર્થીનીના અભ્યાસ માટે રેલવે તંત્ર દ્વારા ચાર વર્ષ સુધી ટ્રેન ચાલુ રાખવાના નિર્ણયનું ઉદાહરણ આપી સમર્પણની ભાવના દર્શાવી હતી.

સેમિનારમાં માર્મિક વાત રજૂ કરાઈ હતી કે, જો તમે ગૂગલને 'આત્મહત્યા કેમ કરવી' પૂછશો તો તે 10 રસ્તા બતાવશે, પરંતુ ગુરુ પાસે જશો તો તેઓ તકલીફનું કારણ પૂછીને જીવન જીવવાનો શ્રેષ્ઠ માર્ગ બતાવશે.

ચેમ્બરની એનજીઓ કમિટીના કો-ચેરમેન શ્રી ભાવેશ ઝાંઝડિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ઇન્ડસ્ટ્રિયલ વિઝિટ કમિટીના કો-ચેરમેન શ્રી વિપુલ દેસાઇએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને IT એન્ડ કોમ્યુનિકેશન કમિટીના કો-ચેરમેન શ્રી બિહાગ દેસાઈએ વક્તાશ્રીનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલે આભારવિધિ કરી હતી. સેશનના અંતે વિદ્યાર્થીઓના તમામ પ્રશ્નોના પૂજ્ય સ્વામીજીએ સંતોષકારક જવાબો આપ્યા હતા.